04.09.2024 પ્રાતઃમુરલી ઓમ શાંતિ બાપદાદા મધુબન

" મીઠા બાળકો - તમે બેહદનાં બાપ પાસે આવ્યા છો વિકારી થી નિર્વિકારી બનવાં , એટલે તમારા માં કોઈ પણ ભૂત ન હોવું જોઈએ"

પ્રશ્ન :- બાપ હમણાં તમને એવું કયું ભણતર ભણાવે છે જે આખા કલ્પ માં નથી ભણાવવામાં આવતું?

ઉત્તર :- નવી રાજધાની સ્થાપન કરવાનું ભણતર, મનુષ્ય ને રાજાઈ પદ આપવાનું ભણતર આ સમયે સુપ્રીમ બાપ જ ભણાવે છે. આ નવું ભણતર આખા કલ્પ માં નથી ભણાવવામાં આવતું. આ જ ભણતર થી સતયુગી રાજધાની સ્થાપન થઈ રહી છે.

ઓમ શાંતિ ! આ તો બાળકો જાણે છે આપણે આત્મા છીએ, ન કે શરીર. આને કહેવાય છે દેહી-અભિમાની. મનુષ્ય બધાં છે દેહ-અભિમાની. આ છે જ પાપ આત્માઓની દુનિયા અથવા વિકારી દુનિયા. રાવણ રાજ્ય છે. સતયુગ ભૂતકાળ થઇ ગયું છે. ત્યાં બધાં નિર્વિકારી રહેતા હતાં. બાળકો જાણે છે - આપણે જ પવિત્ર દેવી-દેવતા હતાં, જે ૮૪ જન્મો પછી પતિત બન્યાં છીએ. બધાં તો ૮૪ જન્મ નથી લેતાં. ભારતવાસી જ દેવી-દેવતા હતાં, જેમણે ૮૨, ૮૩, ૮૪ જન્મ લીધાં છે. તે જ પતિત બન્યા છે. ભારત જ અવિનાશી ખંડ કહેવાય છે. જ્યારે ભારત માં લક્ષ્મી-નારાયણ નું રાજ્ય હતું ત્યારે એને નવી દુનિયા, નવું ભારત કહેવાતું હતું. હમણાં છે જૂની દુનિયા, જૂનું ભારત. તેઓ તો સંપૂર્ણ નિર્વિકારી હતાં, કોઈ વિકાર નહોતાં. તે દેવતાઓ જ ૮૪ જન્મ લઈ હવે પતિત બન્યા છે. કામ નું ભૂત, ક્રોધ નું ભૂત, લોભ નું ભૂત-આ બધાં કઠોર ભૂત છે. એમાં મુખ્ય છે દેહ-અભિમાન નું ભૂત. રાવણ નું રાજ્ય છે ને? આ રાવણ છે ભારત નો અડધાકલ્પ નો દુશ્મન, જ્યારે મનુષ્ય માં ૫ વિકાર પ્રવેશ કરે છે. તે દેવતાઓમાં આ ભૂત નથી હોતાં. પછી પુનર્જન્મ લેતાં-લેતાં તેમનાં આત્મા પણ વિકારો માં આવી ગયાં. તમે જાણો છો આપણે જ્યારે દેવી-દેવતા હતાં તો કોઈ પણ વિકાર નું ભૂત નહોતું. સતયુગ-ત્રેતા ને કહેવાય જ છે રામ રાજ્ય, દ્વાપર-કળયુગ ને કહેવાય છે રાવણ રાજ્ય. અહીં દરેક નર-નારી માં ૫ વિકાર છે. દ્વાપર થી કળિયુગ સુધી ૫ વિકાર ચાલે છે. હમણાં તમે પુરષોત્તમ સંગમયુગ પર બેઠા છો. બેહદનાં બાપ ની પાસે આવ્યા છો વિકારી થી નિર્વિકારી બનવા માટે. નિર્વિકારી બની, જો કોઈ વિકાર માં પડે છે તો બાબા લખે છે તમે કાળું મોઢું કર્યું, હવે ગોરા થવું મુશ્કેલ છે. પાંચમા માળે થી નીચે પડવા જેવું છે. હાડકા તૂટી જાય છે. ગીતા માં પણ છે ભગવાનુવાચ-કામ મહાશત્રુ છે.ભારત નું વાસ્તવિક ધર્મ-શાસ્ત્ર છે જ ગીતા. દરેક ધર્મ નું એક જ શાસ્ત્ર છે. ભારતવાસીઓનાં તો અસંખ્ય શાસ્ત્ર છે. એને કહેવાય છે ભક્તિ. નવી દુનિયા સતોપ્રધાન સ્વર્ણિમ યુગ છે, ત્યાં કોઈ લડાઈ-ઝઘડા નહોતાં. લાંબુ આયુષ્ય હતું, સદા સ્વસ્થ-સંપન્ન હતાં. તમને સ્મૃતિ આવી અમે દેવતાઓ ઘણાં જ સુખી હતા. ત્યાં અકાળે મૃત્યુ થતું નથી. કાળ નો ડર રહેતો નથી. ત્યાં હેલ્થ, વેલ્થ, હેપ્પીનેસ બધું હોય છે. નર્ક માં ખુશી હોતી નથી. કંઈક ને કંઈક શરીર માં રોગ ચાલુ રહે છે. આ છે અપાર દુઃખો ની દુનિયા. તે છે અપાર સુખો ની દુનિયા. બેહદનાં બાપ દુઃખો ની દુનિયા થોડી રચશે? બાપે તો સુખ ની દુનિયા રચી. ફરી રાવણ રાજ્ય આવ્યું તો તેનાથી દુઃખ-અશાંતિ મળી. સતયુગ છે સુખધામ, કળિયુગ છે દુઃખધામ. વિકાર માં જવું એટલે એક-બીજા પર કામ કટારી ચલાવવી. મનુષ્ય કહે છે આ તો ભગવાન ની રચના છે ને? પરંતુ નહીં, ભગવાન ની રચના નથી, આ રાવણ ની રચના છે. ભગવાને તો સ્વર્ગ રચ્યું. ત્યાં કામ-કટારી હોતી નથી. એવું નથી દુઃખ-સુખ ભગવાન આપે છે. અરે, ભગવાન બેહદનાં બાપ બાળકોને દુઃખ કેવી રીતે આપશે? તેઓ તો કહે છે હું સુખ નો વારસો આપું છું ફરી અડધા કલ્પ પછી રાવણ શ્રાપિત કરે છે. સતયુગ માં તો અથાહ સુખ હતાં, માલામાલ હતાં. એક જ સોમનાથ નાં મંદિર માં કેટલાં હીરા- ઝવેરાત હતાં! ભારત કેટલું સંપન્ન હતું! હમણાં તો કંગાળ છે. સતયુગમાં ૧૦૦% સંપન્ન, કળિયુગ માં ૧૦૦% કંગાળ - આ ખેલ બનેલો છે. હમણાં છે કળિયુગ, ખાદ પડતાં-પડતાં એકદમ તમોપ્રધાન બની ગયાં છે. કેટલું દુઃખ છે? આ એરોપ્લેન (વિમાન) વગેરે પણ ૧૦૦ વર્ષમાં બન્યા છે. એને કહેવાય છે માયા નો પામ્પ. તો મનુષ્ય સમજે છે વિજ્ઞાને તો સ્વર્ગ બનાવી દીધું છે. પરંતુ આ છે રાવણ નું સ્વર્ગ. કળિયુગ માં માયા નો પામ્પ જોઈને તમારી પાસે મુશ્કેલ થી આવે છે. સમજે છે અમારી પાસે તો મહેલ, મોટરો વગેરે છે. બાપ કહે છે સ્વર્ગ તો સતયુગ ને કહેવાય છે, જ્યારે આ લક્ષ્મી-નારાયણ નું રાજ્ય હતું. હવે આ લક્ષ્મી-નારાયણ નું રાજ્ય થોડી છે? હવે કળિયુગ પછી ફરી એમનું રાજ્ય આવશે. પહેલા

ભારત ખુબ નાનું હતું. નવી દુનિયામાં હોય જ છે ૯ લાખ દેવતાઓ. બસ, પાછળ થી વૃદ્ધિ થતી રહે છે. આખી સૃષ્ટિ વૃદ્ધિ ને પામે છે ને? પહેલાં-પહેલાં ફક્ત દેવી-દેવતા હતાં. તો બેહદનાં બાપ દુનિયાની હિસ્ટ્રી-જોગ્રાફી બેસીને સમજાવે છે. બાપ વગર બીજું કોઈ બતાવી ન શકે. એમને કહેવાય છે નોલેજફુલ ગોડફાધર. બધાં આત્માઓનાં પિતા. આત્માઓ બધાં ભાઈ-ભાઈ છે પછી ભાઈ અને બહેન બને છે. તમે બધાં છો એક પ્રજાપિતા બ્રહ્મા નાં એડોપ્ટેડ બાળકો. બધાં આત્માઓ એમનાં સંતાન તો છે જ. એમને કહેવાય છે પરમપિતા, એમનું નામ છે શિવ. બસ. બાપ સમજાવે છે -મારું નામ એક જ શિવ છે. પછી ભક્તિમાર્ગ માં મનુષ્યોએ બહુજ મંદિર બનાવ્યા છે તો અનેક નામ રાખી દીધા છે. ભક્તિ ની સામગ્રી કેટલી અનેક છે? એને ભણતર નહીં કહેવાશે. એમાં મુખ્ય ઉદ્દેશ કંઈ પણ નથી. છે જ નીચે ઉતરવાનું. નીચે ઉતરતાં-ઉતરતાં તમોપ્રધાન બની જાય છે ફરી સતોપ્રધાન બનવાનું છે બધાએ. તમે સતોપ્રધાન બનીને સ્વર્ગ માં આવશો, બાકી બધાં સતોપ્રધાન બની શાંતિધામ માં રહેશે. આ સારી રીતે યાદ કરો. બાબા કહે છે તમે મને બોલાવ્યો છે – બાબા, અમને પતિતો ને આવીને પાવન બનાવો તો હવે હું આખી દુનિયાને પાવન બનાવવા આવ્યો છું. મનુષ્ય સમજે છે ગંગા-સ્નાન કરવાથી પાવન બની જઈશું. ગંગા ને પતિત-પાવની સમજે છે. કુવામાંથી પાણી નીકળ્યું, એને પણ ગંગા નું પાણી સમજી સ્નાન કરે છે. ગુપ્ત ગંગા સમજે છે. તીર્થયાત્રા પર કે કોઈ પહાડ પર જશે, એને પણ ગુપ્ત ગંગા કહે છે. આને કહેવાય છે અસત્ય. ભગવાન ને કહેવાય છે સત્ય. બાકી રાવણ રાજ્ય માં બધાં છે ખોટું બોલવા વાળા. ગોડફાધર જ સત્ય ખંડ સ્થાપન કરે છે. ત્યાં ખોટા ની વાત નથી હોતી. દેવતાઓને ભોગ પણ શુદ્ધ લગાવે છે. હમણાં તો છે આસુરી રાજ્ય, સતયુગ-ત્રેતા માં છે ઈશ્વરીય રાજ્ય, જે હમણાં સ્થાપન થઈ રહ્યું છે. ઈશ્વર જ આવીને બધાને પાવન બનાવે છે. દેવતાઓમાં કોઈ વિકાર હોતા નથી. યથા રાજા-રાણી તથા પ્રજા બધાં પવિત્ર હોય છે. અહી બધાં છે પાપી, કામી, ક્રોધી. નવી દુનિયાને સ્વર્ગ અને આને નર્ક કહેવાય છે. નર્ક ને સ્વર્ગ બાપ સિવાય કોઈ બનાવી ન શકે. અહીં બધાં છે નર્કવાસી પતિત. સતયુગ માં છે પાવન. ત્યાં એવી રીતે નહીં કહેશે કે અમે પતિત થી પાવન બનવા માટે સ્નાન કરવા જઈએ છીએ.

આ વિવિધ મનુષ્ય સૃષ્ટિ રુપી ઝાડ છે. બીજરુપ છે ભગવાન. તે જ રચના રચે છે. પહેલાં-પહેલાં રચે છે દેવી-દેવતાઓને. પછી વૃદ્ધિ થતાં-થતાં આટલાં ધર્મ થઈ જાય છે. પહેલા એક ધર્મ, એક રાજ્ય હતું. સુખ જ સુખ હતું. મનુષ્ય ઇચ્છે પણ છે વિશ્વ માં શાંતિ થાય. તે હમણાં તમે સ્થાપન કરી રહ્યા છો. બાકી બધાં ખતમ થઇ જશે. બાકી થોડા રહેશે. આ ચક્ર ફરતું રહે છે. હમણાં છે કળિયુગ અંત અને સતયુગ આદિ નો પુરુષોત્તમ સંગમયુગ. આને કહેવાય છે કલ્યાણકારી પુરુષોત્તમ સંગમયુગ. કળિયુગ પછી સતયુગ સ્થાપન થઈ રહ્યો છે. તમે સંગમ પર ભણો છો એનું ફળ સતયુગ માં મળશે. અહીં જેટલાં પવિત્ર બનશો અને ભણશો એટલું ઉંચ પદ પામશો. આવું ભણતર ક્યાંય હોતું નથી. તમને આ ભણતર નું સુખ નવી દુનિયામાં મળશે. જો કોઈ પણ ભૂત હશે તો એક તો સજા ખાવી પડશે, બીજું પછી ત્યાં ઓછું પદ મેળવશે. જે સંપૂર્ણ બની બીજાને પણ ભણાવશે તો ઉચ્ચ પદ પણ મેળવશે. કેટલાં સેવાકેન્દ્ર છે? લાખો સેવાકેન્દ્ર થઈ જશે. આખા વિશ્વ માં સેવાકેન્દ્રો ખુલી જશે. પાપ આત્મા થી પુણ્ય આત્મા બનવાનું જ છે. તમારો મુખ્ય ઉદ્દેશ પણ છે. ભણાવવા વાળા એક શિવબાબા છે. તે છે જ્ઞાન નાં સાગર, સુખ નાં સાગર. બાપ જ આવીને ભણાવે છે. આ નથી ભણાવતાં, આમનાં દ્વારા તે ભણાવે છે. આમને ગવાય છે ભગવાન નો રથ, ભાગ્યશાળી રથ. તમને કેટલા પદ્માપદ્મ ભાગ્યશાળી બનાવે છે. તમે ખુબજ સાહૂકાર બનો છો. ક્યારેય પણ બીમાર નથી પડતાં. હેલ્થ, વેલ્થ, હેપ્પીનેસ બધું મળી જાય છે. અહીં ભલે ધન છે પરંતુ બીમારીઓ વગેરે છે. તેવી ખુશી રહી ન શકે. કંઈક ને કંઈક દુઃખ રહે છે. એનું તો નામ જ છે સુખધામ, સ્વર્ગ, પેરેડાઇઝ. આ લક્ષ્મી-નારાયણ ને આ રાજ્ય કોણે આપ્યું? એ કોઈ પણ નથી જાણતાં. એ ભારત માં રહેતા હતાં. વિશ્વ નાં માલિક હતાં. કોઇ ભાગલા વગેરે નહોતાં. હમણાં તો કેટલાં ભાગલા છે? રાવણ રાજ્ય છે. કેટલાં ટુકડા-ટુકડા થઈ ગયા છે? લડતા રહે છે. ત્યાં તો આખા ભારત માં આ દેવી-દેવતાઓનું રાજ્ય હતું. ત્યાં વજીર વગેરે હોતા નથી. અહીં તો વજીર જુઓ કેટલાં છે? કારણ કે બેઅક્લ છે. તો વજીર પણ એવાં જ તમોપ્રધાન પતિત છે. પતિત કો પતિત મિલે, કર-કર લંબે હાથ... કંગાળ બનતાં જાય છે, કર્જો ઉઠાવતા જાય છે. સતયુગ માં તો અનાજ, ફળ વગેરે ખૂબ જ સ્વાદિષ્ટ હોય છે. તમે ત્યાં જઈને બધો અનુભવ કરીને આવો છો. સૂક્ષ્મવતન માં પણ જાઓ છો તો સ્વર્ગ માં પણ જાઓ છો. બાપ કહે છે સૃષ્ટિ ચક્ર કેવી રીતે ફરે છે? પહેલાં ભારત માં એક જ દેવી-દેવતા ધર્મ હતો. બીજો કોઈ ધર્મ નહોતો. પછી દ્વાપર માં રાવણ રાજય શરુ થાય છે. હમણાં છે વિકારી દુનિયા પછી તમે પવિત્ર બની નિર્વિકારી દેવતા બનો છો. આ સ્કૂલ છે. ભગવાનુવાચ, હું આપ બાળકોને રાજયોગ શીખવાડું છું. તમે ભવિષ્ય માં આ બનશો. રાજાઈ નું ભણતર બીજે ક્યાંય નથી મળતું. બાપ જ

ભણાવીને નવી દુનિયાની રાજધાની આપે છે. સુપ્રીમ ફાધર, ટીચર, સદ્દગુરુ એક જ શિવબાબા છે. બાબા એટલે જરુર વારસો મળવો જોઈએ. ભગવાન જરુર સ્વર્ગ નો વારસો જ આપશે. રાવણ જેને દર વર્ષે બાળીએ છીએ, આ છે ભારત નો નંબરવન દુશ્મન. રાવણે કેવાં અસુર બનાવી દીધા છે? એનું રાજ્ય ૨૫૦૦ વર્ષ ચાલે છે. તમને બાપ કહે છે હું તમને સુખધામ નો માલિક બનાવું છું. રાવણ તમને દુઃખધામ માં લઇ જાય છે. તમારું આયુષ્ય પણ ઓછું થઈ જાય છે. અચાનક અકાળે મૃત્યુ થઈ જાય છે. અનેક બીમારીઓ થતી રહે છે. ત્યાં આવી કોઈ વાત નથી હોતી. નામ જ છે સ્વર્ગ. હમણાં પોતાને હિન્દુ કહે છે કારણ કે પતિત છે. તો દેવતા કહેવાને લાયક નથી. બાપ આ રથ દ્વારા બેસીને સમજાવે છે, તેમની બાજુમાં આવીને બેસે છે તમને ભણાવવાં. તો આ પણ ભણે છે. આપણે બધાં વિદ્યાર્થી છીએ. એક બાપ જ શિક્ષક છે. હમણાં બાપ ભણાવે છે. ફરી આવીને ૫૦૦૦ વર્ષ પછી ભણાવશે. આ જ્ઞાન, આ ભણતર પછી લુપ્ત થઈ જશે. ભણી ને તમે દેવતા બન્યાં, ૨૫૦૦ વર્ષ સુખ નો વારસો લીધો પછી છે દુઃખ, રાવણ નો શ્રાપ. હમણાં ભારત બહુજ દુઃખી છે. આ છે દુઃખધામ. પોકારે પણ છે ને? પતિત-પાવન આવો, આવીને પાવન બનાવો. હવે તમારામાં કોઈ પણ વિકાર ન હોવા જોઈએ, પરંતુ અડધાકલ્પ ની બીમારી કોઈ જલ્દી થોડી નીકળે છે? તે ભણતર માં પણ જે સારી રીતે નથી ભણતા તે નાપાસ થાય છે. જે પાસ વિથ ઓનર થાય છે, તે તો સ્કોલરશિપ લે છે. તમારા માં પણ જે સારી રીતે પવિત્ર બની અને પછી બીજાને બનાવે છે, તો આ ઇનામ લે છે. માળા હોય છે ૮ ની. તે છે પાસ વિથ ઓનર. પછી ૧૦૮ ની માળા પણ હોય છે, તે માળા નું પણ સિમરણ થાય છે. મનુષ્ય આનું રહસ્ય થોડી સમજે છે? માળા માં ઉપર છે ફૂલ પછી હોય છે બે દાણા મેરુ. સ્ત્રી અને પુરુષ બંને પવિત્ર બને છે. આ પવિત્ર હતાં ને? સ્વર્ગ વાસી કહેવાતા હતાં. આ જ આત્મા ફરી પુનર્જન્મ લેતાં-લેતાં હમણાં પતિત બની ગયાં છે. પછી અહીંથી પવિત્ર બની પાવન દુનિયામાં જશે. દુનિયાની હિસ્ટ્રી-જોગ્રાફી નું પુનરાવર્તન થાય છે ને? વિકારી રાજાઓ નિર્વિકારી રાજાઓનાં મંદિર વગેરે બનાવીને એમને પૂજે છે. તે જ પછી પૂજ્ય થી પૂજારી બની જાય છે. વિકારી બનવાથી પછી તે લાઈટ નો તાજ પણ નથી રહેતો. આ ખેલ બનેલો છે. આ છે બેહદનો વન્ડરફુલ ડ્રામા. પહેલા એક જ ધર્મ હોય છે, જેને રામરાજ્ય કહેવાય છે પછી બીજા-બીજા ધર્મ વાળા આવે છે. આ સૃષ્ટિનું ચક્ર કેવી રીતે ફરતું રહે છે, તે તો એક બાપ જ સમજાવી શકે છે. ભગવાન તો એક જ છે. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રત્યે માત-પિતા, બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. સ્વયં ભગવાન શિક્ષક બનીને ભણાવે છે એટલે સારી રીતે ભણવાનું છે. સ્કોલરશિપ લેવા માટે પવિત્ર બનીને બીજાને પવિત્ર બનાવવાની સેવા કરવાની છે.
2. અંદર માં કામ, ક્રોધ વગેરે જે પણ ભૂત પ્રવેશે છે, તેને કાઢવાનાં છે. મુખ્ય ઉદ્દેશ ને સામે રાખીને પુરુષાર્થ કરવાનો છે.

વરદાન :- માયા ની છાયા થી નીકળી યાદ ની છત્રછાયા માં રહેવા વાળા બેફિક્ર બાદશાહ ભવ

જે સદા બાપ ની યાદ ની છત્રછાયા ની નીચે રહે છે તે સ્વયં ને સદા સેફ અનુભવ કરે છે. માયા ની છત્રછાયા થી બચવાનું સાધન છે બાપ ની છત્રછાયા. છત્રછાયા માં રહેવા વાળા સદા બેફિકર બાદશાહ હશે. જો કોઈ ફિકર છે તો ખુશી ખોવાઈ જાય છે. ખુશી ખોવાઈ ગઈ, કમજોર થયાં તો માયા ની છત્રછાયા નો પ્રભાવ પડી જાય છે કારણ કે કમજોરી જ માયા નું આવાહન કરે છે. માયા ની છાયા સ્વપ્ન માં પણ પડી ગઈ તો ખૂબ હેરાન કરી દેશે એટલે સદા છત્રછાયા ની નીચે રહો.

સ્લોગન :- સમજ નાં સ્ક્રુ ડ્રાઇવર થી અલબેલાપણા નાં લૂઝ સ્ક્રુ ને ટાઇટ કરી સદા એલર્ટ રહો.